# ક્રોધ, મદ અને લોભ તો નરકના રાજમાર્ગ છે

**આચમન**
બિપિન પટેલ

આ નવી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર રૂપી ષડરિપુઓથી સતત પીડાતો રહે છે. તે તેના આ સૂક્ષ્મ શત્રુઓથી સતત ઘેરાયેલો રહે છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં માનવીના પતનનાં કેટલાંક સોપાન બતાવ્યાં છે. તેઓ કહે છે સંગદોષથી કામના ઉત્પન્ન થાય છે. કામનામાં વિઘ્ન કે અવરોધ આવવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી મૂઢતા આવે છે. અર્થાત્ માનવી વિવેકશૂન્ય બને છે. મૂઢતાથી સ્મૃતિભ્રમ થાય છે. સ્મૃતિભ્રમ થવાથી બુદ્ધિ નષ્ટ થાય છે અને બુદ્ધિનો નાશ થતાં માનવીનું પતન થાય છે એટલે જ તેમણે કહેવું પડ્યું કે કામ ક્રોધ અને લોભ તો નરકનાં દ્વાર છે જે જીવને અધોગતિએ લઈ જાય છે. કેવી છે જીવના આ શત્રુઓની ખાસિયત? જરા જોઈએ તો ખરા! કામના તો જીવનો પ્રબળ શત્રુ છે. જીવનનો અંત આવી જાય છે; પરંતુ ઇચ્છાઓ કામનાઓનો અંત નથી આવતો ક્રોધ તો સમગ્ર મનુષ્યત્વનું જ હનન કરે છે. મદ અથવા અભિમાન તો અધોગતિનો રાજમાર્ગ છે અને લોભ? લોભ તો પાપનો બાપ છે! અતિ લોભ વિનાશક વૃત્તિ છે! ભારે કરુણતા તો એ છે કે આ બધું જાણવા છતાં પણ જીવ આ શત્રુઓની મજબૂત પકડમાંથી છૂટી શકતો જ નથી. કેટલાક જીવ તો મુક્ત થવા ઇચ્છતા જ નથી! તો વળી કેટલાકને તો આ બધા શત્રુઓનો પણ ગર્વ હોય છે.



જરા જોઈએ આ બાબતમાં શ્રી રામ શું કહે છે. સીતાજીની શોધમાં નીકળેલા રામ-લક્ષ્મણ માતા શબરીનો ઉદ્ધાર કરીને આગળ વધે છે ત્યારે માર્ગમાં શ્રીરામ લક્ષ્મણજીને સમજાવે છે 'લક્ષ્મણ' તાત તીને અતિ પ્રબળ ખલ કામ, ક્રોધ અને લોભ એ ત્રણ તો અત્યંત પ્રબળ દુષ્ટો છે. તેઓ ભલભલા મુનિઓના મનને પણ પળવારમાં ક્ષુબ્ધ કરી દે છે એટલે જ તો ભગવાન શ્રીકૃષ્ણએ જેમને નરકના દ્વાર કહ્યાં છે તેમને તુલસીદાસજી નરકના પંથ કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ સૂક્ષ્મ શત્રુઓનું જેઓ સેવન કરે છે તેઓ નરકગામી બને છે. શ્રીરામ ચરિતમાનસના સુંદરકાંડનો એ પ્રસંગ કેવળ રાવણને જ નહીં, સમગ્ર માનવજાતને સમજાવે છે કે કામ, ક્રોધ, મદ અને લોભ તો નરકના પંથ છે. તે માર્ગ જવામાં કલ્યાણ નથી. ઘટના કંઈક આવી છે કામી રાવણે સીતાજીનું હરણ કર્યું. ક્રોધી રાવણે રામદૂત સાથે અપમાનિત વ્યવહાર કર્યો! લોભી રાવણ સમસ્ત વિશ્વનું ઐશ્વર્ય અને સૌંદર્ય ભોગવવાનો લોભ કરી રહ્યો છે. મદાંધ રાવણ ભરી સભામાં મૂછે મરડી રહ્યો છે. અને તેનાં ખુશામતખોર મંત્રીઓ તેની ખુશામત કરી રહ્યાં છે. ત્યારે નમ્ર અને નીતિવાન વિભીષણ તેમને સાચી સલાહ આપતાં કહે છે કે જો તમે તમારું અને લંકાનું કલ્યાણ ચાહતા હો તો સીતાજીને સાદર પરત કરી દો. ભાઈ! કામ તો જીવનો પ્રબળ શત્રુ છે.

> અતિ લોભ વિનાશક વૃત્તિ છે! ભારે કરુણતા તો એ છે કે આ બધું જાણવા છતાં પણ જીવ આ શત્રુઓની મજબૂત પકડમાંથી છૂટી શકતો જ નથી

પરસ્ત્રીમાં આસક્ત બનવું એ પાપ છે. ક્રોધ અને વેર તો વિનાશનો માર્ગ છે. જરા સાંભળો અને સમજો ભાઈ કામ, ક્રોધ, મદ, લોભ તો જીવને નરકગામી જ બનાવે છે, તેનું પતન જ કરે છે તે માટે તેનો ત્યાગ કરો અને શ્રીરામનું ભજન કરો. પરંતુ રાવણે તેમનું સાંભળ્યું પણ નહીં અને માન્યું પણ નહીં પરિણામ જગ જાહેર છે. ભલે રાવણ ગંભીર ન બન્યો! પણ આપણે તો ગંભીર બનીએ અને ક્રોધ અને મદ અને લોભથી બચવા માટે નિરંતર શ્રીરામનું ભજન કરતાં રહીએ.

# જીવનના ઉત્સાહને મરવા ન દેશો

**અજવાળાં**
દુર્ગેશ ઉપાધ્યાય



એક અંગ્રેજ લેખકને એક વાર તેના કોઈ વાચક મળી ગયા. એ વાચકે લેખકને પૂછ્યું, ''તમે તમારા લેખોમાં, પુસ્તકોમાં રચનાત્મક વિચાર કરવાની. ઉત્સાહપૂર્વક જીવવાની, શ્રદ્ધા કેળવવાની વાતો કરો છો પણ આજના આ જગતમાં એ કઈ રીતે શક્ય છે?''

ત્યારે પેલા લેખકે કહ્યું, ''એ અશક્ય પણ નથી. આજના સમયમાં જરા અઘરું છે, ખરું પણ તમે તમારા પ્રયત્નો ચાલુ રાખો અને આશાવાદી રહો તો એ શક્ય પણ છે. આ જગતમાં કડવાશ અને નકારાત્મકતા એટલી વધી ગઈ છે કે, એ બધાં વચ્ચે મીઠાશ કે હકારાત્મકતા શોધવી અઘરી છે પણ અશક્ય તો નથી જ.

ભલે સંજોગો અવળા હોય, મુશ્કેલ હોય પણ એ બધાંમાંથી પસાર થવામાં જ સાચી કસોટી છે અને એ દરમિયાન તમારી શ્રદ્ધા ડગવી ન જોઈએ. દરેક ખરાબ પરિસ્થિતિનો ઉકેલ હોય જ છે. એ માટે સઘન પ્રયત્ન અને ધીરજ જરૂરી છે. ઘણી વાર વિરોધી સ્થિતિ જોઈને જ હારી જઈએ છીએ એટલે તે પાર કરવામાં સફળતા મળતી નથી.

એક હબસી મહિલા સાવ ગરીબ હતી. એ પેટ ભરવા નાનાંમોટાં કામ, મજૂરી કરી રોજી મેળવતી હતી પણ એને ગાવાનો શોખ હતો. એનો અવાજ પણ સારો હતો. ક્યારેક જાહેરમાં કોઈ ગીત ગાતી હશે ને કોઈના ધ્યાનમાં આવ્યું કે, આ સરસ ગાય છે એટલે પેલા માણસે એને કહ્યું કે, તમે થોડી તાલીમ મેળવી લો તો ગાવાનું કામ પણ મળશે.

> ભલે સંજોગો અવળા હોય, મુશ્કેલ હોય પણ એ બધાંમાંથી પસાર થવામાં જ સાચી કસોટી છે અને એ દરમિયાન તમારી શ્રદ્ધા ડગવી ન જોઈએ. દરેક ખરાબ પરિસ્થિતિનો ઉકેલ હોય જ છે. એ માટે સઘન પ્રયત્ન અને ધીરજ જરૂરી છે. ઘણી વાર વિરોધી સ્થિતિ જોઈને જ હારી જઈએ છીએ એટલે તે પાર કરવામાં સફળતા મળતી નથી

પેલી સ્ત્રીએ એની વાત માની ગાયનની તાલીમ લીધી પછી એક જાહેર કાર્યક્રમમાં એ રજૂ થઈ. એનું એક ગીત 'મૂવ અપ એ લીટલ હાયર'- 'જરા એક પગથિયું ઊંચા ચઢો' પ્રખ્યાત થઈ ગયું અને એની લાખો રેકર્ડ વેચાઈ ગઈ. એ મહિલા પૈસાદાર બની ગઈ. એનું નામ મહેલિયા જેક્સન. આમ ક્યારે નસીબ પલટાઈ જાય કહેવાય નથી. પ્રયત્નશીલ રહેવું, શ્રદ્ધાવાન રહેવું, હિંમત ન હારવી. સફળતા આગળ છે જ!

## સપ્તાહનાં વ્રત-તહેવારો
તા.૬ જુલાઈ થી તા.૧૨ ૨૦૨૬



**તા. ૬ સોમવાર**
નિજ જેઠ વદ છઠ- પંચક.

**તા. ૭ મંગળવાર**
નિજ જેઠ વદ સાતમ- પંચક, કાલાષ્ટમી.

**તા. ૮ બુધવાર**
નિજ જેઠ વદ આઠમ- બુધાષ્ટમી, પંચક સમાપ્ત સાંજે ૪-૦૬ કલાકે.

**તા. ૯ ગુરુવાર**
નિજ જેઠ વદ નોમ

**તા. ૧૦ શુક્રવાર**
નિજ જેઠ વદ દશમ- મોહિની એકાદશી- સાકર(સ્માર્ત) એકાદશી ક્ષયતિથિ.

**તા. ૧૧ શનિવાર**
નિજ જેઠ વદ મોહિની એકાદશી, બારસ- સાકર (ભાગવત), સંત નિવૃત્તિનાથની પુણ્યતિથિ, સંત દેવરાહાબાબા પુણ્યતિથિ- મથુરા, ઉ.પ્ર., વિશ્વ જનસંખ્યા દિન,

**તા. ૧૨ રવિવાર,**
નિજ જેઠ વદ તેરસ - પ્રદોષ, શિવરાત્રિ, અંગિરસ ઋષિ જન્મજયંતી.

## સુવિચાર

મન શાંત હોય તો જીવનની દરેક મુશ્કેલી નાની લાગે છે.

જે પોતાને જીતી શકે છે, તે આખી દુનિયા જીતી શકે છે.